ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# વાવોલની ડ્રેનેજ નેટવર્ક તેમજ ટ્રંક લાઇનનું લોકાર્પણ

## વિકાસના નવતર અભિગમના લીધે નગરમાં જમીનની કિંમત વધી : નિતીન પટેલ





(તસવીર : દિપક જાની)

ગાંધીનગર તા ૨

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજે વાવોલ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન તેમજ સુએઝ કલેકશન નેટવર્ક સહીતના કામોનું લોકાપર્ણ કરવામાં આવ્યું હતું. રૂપિયા ૧૧ કરોડના ખર્ચે નિર્માણ કરાયેલી ટ્રંક લાઇન તેમજ ડ્રેનેજ નેટવર્કનું આરોગ્ય મંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શુભ લાભ આવાસ યોજના અન્વયે ૬૯ જેટલા મકાનોને પણ ડ્રો કરવામાં આવ્યો હતો. આ તબક્કે આરોગ્ય મંત્રી નિતિન પટેલે જણાંવ્યું હતું કે શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે સરકાર દ્વારા માળખાગત સુવિધા ઉભી કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જેના પરિણામે નગરની જમીનનો ભાવ પણ આજે આસમાને પહોચ્યો છે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજે વાવોલમાં ભૂગર્ભ ગટર યોજના અન્વયે વિવિધ કામોનું લોકાપર્ણ કરવામાં આવ્યું હતું સે-૧૭ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે ભૂગર્ભ ગટર યોજનાના અમલીકરણ અન્વયે કામોની લોકાપર્ણવિધિ યોજવામાં આવી હતી. વાવોલ રચના યોજના હેઠળના વિસ્તારોમાં ૯૮૫.૨૯ લાખના ખર્ચે ૨૨ એમ એલ ડીની ક્ષમતાવાળા ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન તેમજ આ વિસ્તારમાં સુએજ નેટવર્ક અને ટ્રંક લાઇનના કામ માટે રૂપિયા ૩૯૭.૨૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. જેના પરિણામે આ વિસ્તારની સોસાયટીઓમાં ખાળકુવા ઉભરાવાની સમસ્યા હલ થશે. આ દરમિયાન ચિલોડા રાયસણ તેમજ અડાલજમાં ગુડાની શુભ લાભ આવાસ યોજના અન્વયે તૈયાર

● અનુસંધાન પાન-૭ પર

# કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા સહયોગ સંકુલમાં પાંચ દિવસથી પાણીના ધાંધિયા

## ડેપોમાં પણ પાણીના ટેન્કર મંગાવી કામ ચલાવાય છે

ગાંધીનગર તા ૨

શહેરમાં આકરી ગરમીમાં સરકારી કચેરીઓ તેમજ એસ ટી ડેપોમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. જિલ્લા કક્ષાની કચેરીના બિલ્ડીંગમાં છેલ્લા એક અઠવાડીયાથી પાણી આવતું નથી.જયારે નગરના એસ ટી ડેપોમાં પણ છેલ્લા પાંચ દિવસથી પાણીના ટેન્કર મંગાવવાનો વારો આવ્યો છે.ડેપોમાં હાલ રોજના ૪ ટેન્કર પાણી માટે રૂપિયા ૨ હજારનો ખર્ચ કરવામાં આવે છે. જયારે સહયોગ બિલ્ડીંગમાં કલેકટર કચેરીમાંથી પાણી આવે છે.

ગાંધીનગરમાં છેલ્લા એક મહિનાથી ગરમીનો પારો નીચે ઉતરવાનુ નામ નથી લેતો ત્યારે આમ નાગરિકો ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા છે.આવા સંજોગોમાં શહેરના રહેણાંક વિસ્તારમાં પણ કયારેક પાણીની પોકાર ઉઠવા પામે છે. બીજીતરફ નગરની સરકારી કચેરીઓમાં પણ પાણીની સમસ્યાથી કર્મચારીઓ પરેશાન થઇ ગયા છે. કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા સહયોગ બિલ્ડીંગમાં આકરી ગરમીના દિવસોમાં કર્મચારીઓને પાણી નસીબ થતું નથી. આ બિલ્ડીંગમાં જિલ્લા શિક્ષણા અધિકારીની કચેરી ડી આર ડી એ તેમજ જિલ્લા માહીતી નિયામકની કચેરી પૅણ આ સહયોગ સંકુલમાં કાર્યરત છે.

જયારે આ સંકુલમાં મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ રહે છે.આમછતા બિલ્ડીંગમાં સફાઇના નામે મીંડુ છે.જયારે ગરમીના દિવસોમાં છેલ્લા ઘણાં સમયથી પાણી પણ આવતું નથી. હાલ કલેકટર કચેરીમાંથી પાણી લાવવામાં આવે છે. જયારે નગરના એસ ટી ડેપોમાં પણ છેલ્લા પાંચ દિવસથી પીવાનું પાણી આવતુ નથી. ડેપોના બોરની મોટર બંધ થઇ ગઇ હોવાથી પાણીની પોકાર ઉઠવા પામી છે.હાલ પાણીની વ્યવસ્થા જાળવવા માટે ડેપો કક્ષાએથી પાણીના ટેન્કર મંગાવી કામ ચલાવવું પડે છે.શહેરની સરકારી કચેરીઓ તેમજ ડેપોમાં જ પાણીની સમસ્યાએ ભરડો લીધો છે.ગરમીના દિવસોમાં પીવાનું ઠંડુ પાણી ન મળતા મુલાકાતીઓ પરેશાન થઇ ગયા છે.

# ચોમાસના કાઉન્ટ-ડાઉન છતાં વરસાદી પાણીના નિકાલની કોઇ વ્યવસ્થા નહિ

## સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઇન માટે સર્વે પણ શરૂ થયો નથી

ગાંધીનગર તા ૨

ચોમાસુ માથે છે. ત્યારે શહેરમાં વરસાદી પાણીની નિકાલની યોજના દાયકાઓના અંતે પણ ઠેકાણે પડી નથી.હાલની સ્થિતિએ માત્ર ૭ જ સેકટરોમાં સ્ટાર્મ વોટર લાઇનનું કામ પૂર્ણ થઇ શકયુ છે.જયારે બાકીના સેકટરોમાં સર્વે માટેની પ્રક્રીયા પણ હજુ શરૂ થઇ શકી નથી.સેકટરોમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તે માટે તંત્રકક્ષાએથી પણ કોઇ અસરકારક આયોજન થઇ શકયું નથી.

ગાંધીનગરમાં દાયકાઓના અંતે પણ નક્કર કામગીરી થઇ નથી.જેના પરિણામે ચોમાસા દરમિયાન સેકટરોમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. નગરના માત્ર ૭ જ સેકટરોમાં સ્ટાર્મ વોટર લાઇન નાંખવામાં આવી હતી. જયારે બાકીના સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઇનની કામગીરી હજુ અભ્યાસુ તબક્કામાંથી બહાર આવી શકયો નથી. ચોમાસા દરમિયાન હજુ અભ્યાસુ તબક્કામાંથી બહાર આવી શકી નથી.

સેકટરોમાં વરસાદી પાણી ઉભરાતા ગંદકી અને રોગચાળા સહિતની અનેક સમસ્યાઓ ઉદભવે છે.નાગરિકો જળબંબાકારના લીધે ત્રાહિમામ પોકારી જાય છે. બાકીના સેકટરોમાં સ્ટાર્મ વોટર લાઇનનું કામ હાથ ધરવા છેલ્લા ૫ વર્ષથી માત્ર કાગળ પર આયોજન થાય છે.પરંતુ પ્રાજેકટ આગળ વધી શકતો નથી.થોડા સમય અગાઉ તંત્ર દ્વારા વરસાદી પાણીની નિકાલની લાઇન નાંખવા એજન્સીને સર્વે હાથ ધરવાનું કામ સોપવામાં આવ્યું હતું.પરંતુ વર્ક ઓડર આપી દેવાયા બાદ પણ સર્વેનું કામ શરૂ થયું નથી.

ચોમસુ માથે છે. ત્યારે તંત્રકક્ષાએથી વરસાદી પાણીના ભરાવાની સમસ્યાને ડામવા કોઇ નક્કર પગલા લેવાયા નથી.સેકટરોમાં વરસાદી પાણીનો ભરાવો અટકાવવા કોઇ આયોજન ન થતા રહિશોમાં પણ રોષની લાગણી વ્યાપી છે.વરસાદી પાણીના નિકાલ માટે માત્ર જુની લાઇનોની સફાઇ જ થતી હોવાનો સુર ઉઠવા પામ્યો છે.આવા સંજોગોમાં વરસાદી પાણીના ભરાવાથી સેકટરોના આંતરિક રસ્તાઓને પણ નુકશાન થતુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

ભેંસ - ભામણ ને ભાજી પાણી જોઈને રાજી... - ભેંસ એક વખત પાણીમાં ન્હાવા પડે ત્યારબાદ બહાર કાઢવા ભારે જહેમત કરવી પડે છે... ભામણ એટલે બ્રાહ્મણ... બ્રાહ્મણમાં પણ ન્હાવાનો મહિમા મોટો હોય છે... ડગલે ને પગલે સ્નાન અતિપ્રિય હોય છે... જાણે કે પાણી સાથે બ્રાહ્મણને અતૂટ સંબંધ છે... ને ભાજીને તો ઉગવા અને વિકસવા પાણીની અનિવાર્યતા હોય છે... પાણી વિના ભાજી ઉગે નહિ કે વિકસે નહિ... અને એટલે જ સૌરાષ્ટ્રમાં કહેવત લોકજીવન સાથે વણાયેલી છે.. કે ભેંસ - ભામણ અને ભાજી પાણી જોઈને રાજી... આ દશ્ય કોઈ એક જગ્યાએ નહિ પણ ભારતના સમગ્ર ગ્રામીણ માહોલમાં આવા દશ્યો ઠેર ઠેર જોવા મળે છે...

# આજે મહાત્મા મંદિર ખાતે બાળ ચિત્રકાર સંમેલન

## મુખ્યમંત્રી ઉપસ્થિત રહી બાળ ચિત્રકારોને પ્રોત્સાહિત કરશે : ચિત્રકલાના વિશેષ તજજ્ઞો માર્ગદર્શન આપશે

ગાંધીનગર, તા.૨

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આવતીકાલ, બુધવાર તા. ૩ જૂન-૨૦૧૫ના મહાત્મા મંદિર ખાતે યોજાનારા બાળ ચિત્રકાર સંમેલનમાં ઉપસ્થિત રહી ચિત્રકલા ક્ષેત્રે પાંગરતી પ્રતિભાઓને પ્રોત્સાહિત કરશે.

આ ચિત્રસ્પર્ધામાં ધોરણ ૬ થી યુનિવર્સિટી કક્ષા સુધીના અને રાજયકક્ષાના ૧૦ વિજેતા મળી કુલ ૩૩૩ વિદ્યાર્થીઓ પોતાનો ચિત્રકલા કસબ દર્શાવશે.

મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી ગત ગાંધી નિર્વાણ દિવસે રાજયભરમાં 'મહાત્મા ગાંધી અને સ્વછતા' વિષયક જે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી તેના વિજેતા ચિત્રકારો માટે આ બાળ ચિત્રકાર સંમેલન યોજવામાં આવ્યું છે.

મહાત્મા મંદિર સંકુલમાં સમગ્ર દિવસ દરમ્યાન યોજાનારા આ બાળ ચિત્રકાર સંમેલનમાં જાણીતા કાર્ટૂનિસ્ટશ્રી નટુભાઇ મિસ્ત્રી, હઠીસિંહ આર્ટ ગેલેરીના શ્રી મહેન્દ્રભાઇ કડીયા એમ. એસ. યુનિવર્સિટીની ફાઇન આર્ટસ ફેકલ્ટીના નિવૃત ડીન પ્રો. રતન પરિમ, પ્રો. નંદુ રાઠવા જેવા વિશેષજ્ઞો ચિત્રકલાના વિવિધ પાસાંઓનું જ્ઞાન-કૌશલ્ય ટેકનીકલ સેશનમાં આપશે.

મુખ્યમંત્રીશ્રી આ અવસરે યોજાનારી ચિત્રસ્પર્ધાના વિજેતાઓને સંમેલનના સમાપન સમારોહમાં સાંજે ઈનામોથી પુરસ્કૃત કરવાના છે.

# રાજયમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી માટે તૈયારીઓ આરંભાઈ

## ૨૧મી જૂને રાજયભરમાં ભવ્ય ઉજવણી કરાશે : મહાનગરોથી ગ્રામ્ય એકમમાં વસતા લોકો અને વિદ્યાર્થીને ઉજવણીમાં સમાવાશે : ૨૧મીએ સવારે યોગનો કાર્યક્રમ

અમદાવાદ, તા.૨

સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ભારતીય સંસ્કૃત્તિની ઉત્તમ દેન એવી યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસતમાં સમાવવામાં આવી છે. જેના પરિણામ સ્વરૂપે પ્રતિવર્ષે ૨૧મી જુનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવાનું કાર્યક્રમનું આયોજન કર્યુ છે. વિશ્વ રોગ દિવસ ઉજવણીના સુચારૂ આયોજન માટે રાજય સરકારે વિશ્વ દિવસે વિરાટ અને વિસ્તૃત કાર્યક્રમનું આયોજન કર્યુ છે. વિશ્વ રોગ દિવસ ઉજવણીના સુચારૂ આયોજન માટે રાજયના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષપદે રાજયસ્તરની કેન્દ્રીય સમિતિની રચના કરવામા આવી છે. સમગ્ર રાજયમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિતે મહાનગરોથી ગ્રામ્ય એકમોમાં વસતા નાગરિકો-શાળા કોલેજના વિદ્યાર્થીઓને સામેલ કરવા રાજય, જિલ્લા અને તાલુકા સ્તરે અનુક્રમે જિલ્લા પ્રભારી સચિવ જિલ્લા કલેકટર-મ્યુનિસિપલ કમિશનર અને એ.ટી.વી.ટી. પ્રાંત અધિકારીની અધ્યક્ષ-સહઅધ્યક્ષ સ્થાને સંકલન સમિતીઓની રચના કરવામાં આવી છે. આયુષ દ્વારા પ્રસારિત કરવામાં આવેલ કોમન યોગા પ્રોટોકોલનું પુસ્તક અને વીડિયો સી.ડી. માર્ગદર્શિકા પ્રમાણે જ તમામ સ્તરે યોગ તાલીમ નિદર્શન માટે સવારે ૭ કલાકે નિશ્ચિત સમયનો ૩૩ મિનિટનો કાર્યક્રમ ટી.વી.પર પ્રસારીત કરાશે. જે પૂર્વે વડાપ્રધાનનો સંદેશ આદિ પૂર્વ પ્રસારણ રહેશે. જેનું ગામ, તાલુકા, તથા જિલ્લાસ્તરે ઉપલબ્ધ સામૂહિક ટી.વી. કેન્દ્રો અને રાજય નેટવર્ક પ્રસારણ

● અનુસંધાન પાન-૭ પર

# જગન્નાથ મંદિરેથી નીકળેલી જળયાત્રા

## જમાલપુર જગન્નાથ મંદિરથી સાબરમતીના કિનારે આવેલ મંદિર સુધી જળયાત્રા : ૧૦૮ કળશમાં નદીનું જળ ભરાયું : મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા : શ્રદ્ધાળુઓના દિલધડક પરાક્રમો આકર્ષણના કેન્દ્રો

અમદાવાદ, તા.૨

૧૮મી જુલાઈના દિવસે હતા હવે દોઢ મહિના સુધી ભગવાન મામાના ઘરે રોકાશે. અધિક માસના જમાલપુર મંદિરે પહોંચ્યા હતા. આ વખતે અષાઢ અધિક માસ હોવાથી આવેલા સોમનાથ ભૂદરના આરે જગન્નાથ મંદિરથી હાથી, ધજા આવી હતી ત્યારબાદ ભગવાન જગન્નાથને ગજવેજ ધારણ કરાવીને





ભગવાન જગન્નાથની રથયાત્રા નિકળનાર છે ત્યારે આજે કળશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા અને શ્રદ્ધાળુઓએ આ યાત્રા દરમિયાન દિલધડક પરાક્રમ કરીને લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. જમાલપુર દરવાજાથી મહંત દિલીપદાસજી મહારાજની નિશ્રામાં સવારે આઠ વાગે જળયાત્રા નિકળી હતી. કળશયાત્રામાં ગજરાજો પણ આકર્ષણનું કેન્દ્રો રહ્યા હતા. જળયાત્રામાં બળદગાડામાં ભગવાન બિરાજમાન થયા હતા અને પ્રતિકરુપે એક કળશ પણ બળદગાડામાં મુકાયું હતું. સવારે મંદિરમાં વિશેષ પૂજા બાદ ભગવાન મોસાળ જવા રવાના થયા કારણે ગૌ પૂજનનું આયોજન પણ કરાયું છે. રથયાત્રા પહેલા આજે જમાલપુર સ્થિત જગન્નાથ મંદિરેથી સાબરમતી નદીના કિનારે સોમનાથ ભૂદરના આરા સુધીની જળયાત્રા નીકળી હતી. તેમને લેવા માટે આજે ૧૦૦૦થી વધુ મોસાળિયાઓ ભગવાન દોઢ મહિનો મામાના ઘેર સરસપુર સ્થિત રણછોડજી મંદિર ખાતે રોકાશે. જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજાની નિશ્રામાં સવારે ૧૦૮ કળશમાં નદીનું જળ ભરીને લાવવામાં આવ્યું હતું.

સાબરમતી નદીના કિનારે પતાકાધારી લોકો અને સંતો મહંતો પહોંચ્યા હતા જ્યાં ગંગા પૂજનની વિધિ કરવામાં આવી હતી. ૧૦૮ કાળશમાં ભરીને જળ લેવાયેલા જળથી મહાઅભિષેક કરીને મંદિરમાં બિરાજમાન પ્રતિમાઓનું ષોડ્ષોપચાર પૂજન વિધિ કરવામાં મોસાળમાં મોકલવામાં આવ્યા હતા. જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજે જણાવ્યું હતું કે, મોસાળ ખાતે પણ આ વખતે ભગવાન ૪૪ દિવસ રોકાવવાના હોવાથી મંદિરમાં સવિશેષ આયોજનો કરવામાં આવ્યા છે.

## બેસણું



અમારા ભાઈ **કપિલભાઈ (મધુભાઈ) રવિશંકર રાવલ (વેસ્ટન ટાઈમ્સ)**નું તા. ૨/૬/૨૦૧૫ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૪/૬/૨૦૧૫ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ૧૪, ઋષભદેવ સોસાયટી, પોલોગ્રાઉન્ડ, હિંમતનગર**

લિ.

**ભાલચંદ્ર રવિશંકર રાવલ**
**ગજાનંદ રવિશંકર રાવલ**
**દિલિપભાઈ રવિશંકર રાવલ**
**યશવંતભાઈ રવિશંકર રાવલ**
**અશોકભાઈ રવિશંકર રાવલ**
**(દિવ્ય ભાસ્કર)**

**ફર્મ : મધુ સ્ટુડિયો, હિંમતનગર**

Since 1986

अभय

ISO 9001:2008

IAF

• Corporate Gathering
• Celebrations • Exhibitions
• Marriage • Reception
• Parties • Seminars

Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical

ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS

CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph.: 079-232 87368, Fax : 079-232 87292

REGD. OFFICE : B-203, Arman Flats,
Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur,
Ahmedabad, Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com

## નામ બદલેલ છે

મારું નામ આરતી શીરીષ ત્રિવેદી હતું તે બદલીને આરતી પુલક ત્રિવેદી રાખેલ છે.
૫૩૩/૨, સૌરભ સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર

## ટૂંકી મુદતની જાહેર નિવિદા નં.-૧ - ૨૦૧૫-૧૬

જિલ્લા પંચાયત ગાંધીનગર સે.૧૭, પશુપાલન શાખા (ફોન નં. -૦૭૯-૨૩૨૫૬૯૫૦) હસ્તકના ચારે તાલુકામાં ગાભણ પશુઓ માટે ખાણ-દાણ ખરીદવાનું થતું હોઈ રસ ધરાવતી સંસ્થાએ ટેન્ડર ફી રૂ. ૫૦૦/- તા. ૯/૬/૨૦૧૫ સુધીમાં ચલનથી જમા કરાવી ચલનની અસલ કોપી તથા / ટીન નંબર / પાનકાર્ડની ઝેરોક્ષ કોપી રજૂ કર્યેથી કચેરીના કામકાજના દિવસો દરમિયાન ૧૧-૦૦ થી ૧૬-૦૦ કલાક સુધી કોરા ટેન્ડર ફોર્મ અત્રેથી આપવામાં આવશે. જે ટેન્ડર ફોર્મ વિગતવાર ભરી આ કચેરીને મોડામાં મોડા તા. ૨૦/૬/૨૦૧૫ સુધીમાં રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી મદદનીશ પશુપાલન નિયામકશ્રી, પશુપાલન શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર, સે.૧૭ને મળે તે રીતે બંધ કવરમાં મોકલી આપવાના રહેશે. તેમજ કવર ઉપર ખાણ-દાણના ભાવોનું ટેન્ડર લખવાનું રહેશે.

સહી/-
**મદદનીશ પશુપાલન નિયામક**
**જિલ્લા પંચાયત, ગાંધીનગર**

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત
વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
Kisan
ashirvad
C. PVC, UPVC
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR. FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com